ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનું
મુખપત્ર

# હાયર મેસેજ

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦

Visit us on our Website : www.gshstf.blogspot.com

વર્ષ : ૦૨ અંક : ૦૪ તા. ૧૫-૧૧-૨૦૧૪ ઓક્ટો.-નવે : સળંગ અંક : ૦૯

: પ્રમુખ, તંત્રી અને પ્રકાશક :
**શ્રી પંકજભાઈ કે. પટેલ**
(પ્રમુખ)
૨૦, સૂર્યરત્ન બંગલોઝ,
સરસ્વતી સ્કૂલ પાછળ,
સાયન્સ સીટી રોડ, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦.
મો. : ૯૪૨૬૦૧૫૦૯૧
મો. : ૯૭૨૭૦-૭૩૫૬૯

: મુખ્ય સંપાદક :
**શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર**
૪૧, ડાહ્યાલાલ પાર્ક,
કઠવાડા રોડ, નરોડા,
અમદાવાદ-૩૦.
(મો.) ૯૪૨૬૫૫૧૧૯૯
ફોન : ૨૨૮૧૨૭૨૮

: મહામંત્રી :
**વિનોદભાઈ જે. પટેલ**
બી-૨૬, હરીઓમનગર,
કેડીલા બ્રીજ પાસે,
ઘોડાસર, અમદાવાદ-૫૦.
મો. : ૯૪૨૬૧-૮૬૬૯૨
ફોન : ૨૫૮૩૨૮૨૮

: સહતંત્રી :
**અરવિંદ જે. પટેલ-આણંદ**
૯૯૦૪૧૬૪૮૦૮
**તુલસી મકવાણા-અમરેલી**
૯૪૨૬૨૩૩૯૯૨

: સહ સંપાદક :
**ભરતભાઈ વી. વ્યાસ-અમદાવાદ**
૯૪૨૭૪૦૦૩૩૨
**પરમાર વિરેન્દ્રસિંહ - નર્મદા**
૯૮૭૯૯૨૫૩૬૮

## -: સંપાદક મંડળ :-

(૧) શ્રી મહેશભાઈ આર. પટેલ (અમદાવાદ જિલ્લો)
(૨) શ્રી વિજય પી. પટેલ (મહેસાણા જિલ્લો)
(૩) શ્રી કમલેશ કે. પટેલ (સાબરકાંઠા જિલ્લો)
(૪) શ્રી ભૂપેન્દ્ર જી. મહંત (ગાંધીનગર જિલ્લો)
(૫) શ્રી કિશોરભાઈ વી. ઉભડીયા (મોરબી જિલ્લો)
(૬) શ્રી એસ. કે. પટેલ (તાપી જિલ્લો)
(૭) શ્રી ગીરધર આર. ફળદુ (જામનગર જિલ્લો)
(૮) શ્રી રોહીત એસ. પટેલ (અરવલ્લી જિલ્લો)
(૯) શ્રી મનોજ આર. લોઢા (કચ્છ જિલ્લો)
(૧૦) શ્રી ભરતભાઈ પંડ્યા (મહીસાગર જિલ્લો)
(૧૧) શ્રી નિલેશભાઈ મોઢવાડીયા (પોરબંદર જિલ્લો)

### ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના ઉ.મા. સંવર્ગના સદસ્યશ્રીઓ

(૧) શ્રી જયંતીલાલ એમ. ગડારા (રાજકોટ)
(૨) શ્રી પ્રકાશચંદ્ર સી. પટેલ (ભરૂચ)
(૩) શ્રી મહેશભાઈ એ. પટેલ (અમદાવાદ શહેર)

## -: મહામંડળ હોદ્દેદારો :-

| નામ | હોદ્દો | જિલ્લો |
|---|---|---|
| શ્રી પંજકભાઈ કે. પટેલ | પ્રમુખ | અમદાવાદ ગ્રામ્ય |
| શ્રી વિનોદભાઈ જે. પટેલ | મહામંત્રી | અમદાવાદ શહેર |
| શ્રી ભરતકુમાર આર. પટેલ | ઉપપ્રમુખ | આણંદ |
| શ્રી મુકેશભાઈ આઈ. પટેલ | ઉપપ્રમુખ | પાટણ |
| શ્રી વસંત એલ. પટેલ (નેસ્કર) | ઉપપ્રમુખ | સુરત |
| શ્રી પ્રતિકકુમાર એસ. પટેલ | ઉપપ્રમુખ | વડોદરા |
| શ્રી જયેશકુમાર બી. ઈનામદાર | પ્રાદેશીક મંત્રી | નડીયાદ |
| શ્રી ભરતભાઈ એ. પટેલ | પ્રાદેશીક મંત્રી | મહેસાણા |
| ડૉ. લીલાભાઈ બી. કડછા | પ્રાદેશિક મંત્રી | રાજકોટ |
| શ્રી નરસિંહ પી. ચૌધરી | પ્રાદેશિક મંત્રી | બનાસકાંઠા |
| શ્રી ભરતભાઈ આર. પટેલ | સહમંત્રી | સાબરકાંઠા |
| શ્રી મૃગેન્દ્રસિંહ કે. સોલંકી | સહમંત્રી | પંચમહાલ |
| શ્રી ભરતભાઈ બી. વઢેળ | સહમંત્રી | સુરેન્દ્રનગર |
| શ્રી ગજેન્દ્ર ડી. પરમાર | સહમંત્રી | દાહોદ |
| શ્રી નરેન્દ્રકુમાર આર. ઠાકોર | સંગઠનમંત્રી | વલસાડ |
| શ્રી ચંદ્રકાન્ત બી. પટેલ | સંગઠનમંત્રી | નવસારી |
| શ્રી ભાસ્કરકુમાર એન. પટેલ | સંગઠનમંત્રી | ગાંધીનગર |
| શ્રી રાજેન્દ્રસિંહ એલ. રાઠોડ | સંગઠનમંત્રી | ભાવનગર |
| શ્રી રાજુભાઈ બી. ભટ્ટ | ખજાનચી | ભુરૂચ |
| શ્રી મહાવીરસિંહ એન. વાળા | અન્વેષક | જૂનાગઢ |

## જાહેરાતના દર

વર્ષ : ૦૨
કુલ : ૭ અંક

| પેજની વિગત | વાર્ષિક રૂપિયા |
|---|---|
| કવર પેજ (ફોર કલર) નં. ૪ | ૧૫,૦૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૨ | ૧૨,૫૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૩ | ૧૨,૫૦૦ |
| સાદું પેજ | ૮,૦૦૦ |
| ફોર કલર અંદર | ૧૦,૦૦૦ |
| ફોર કલર બે પાન અંદર (વચ્ચે) | ૨૫,૦૦૦ |

## હાયર મેસેજનું અંગેનુ માર્ગદર્શન

- હાયર મેસેજનું લવાજમ એપ્રિલ-મે થી ફેબ્રુ.-માર્ચ સુધીનું ગણાશે.
- વર્ષ-૦૨ અંક -૦૧ એપ્રિલ-મે તા. ૧૫-૫-૨૦૧૪
  - અંક-૨ જૂન-જુલાઈ તા. ૧૫-૭-૨૦૧૪
  - અંક-૩ ઓગસ્ટ-સપ્ટે. તા. ૧૫-૯-૨૦૧૪
  - અંક-૪ ઓક્ટો.-નવે. તા. ૧૫-૧૧-૨૦૧૪
  - અંક-૫ ડીસે.-જાન્યુ. તા. ૧૫-૧-૨૦૧૫
  - અંક-૬ ફેબ્રુ.-માર્ચ તા. ૧૫-૩-૨૦૧૫
- હાયર મેસેજનું દર બે મહિને પ્રગટ થાય છે.
- હાયર મેસેજનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ છે.
- હાયર મેસેજમાં પ્રગટ થતાં લેખની જવાબદારી લેખકની રહેશે.
- વર્ષ : ૦૨મા માટેના હાયર મેસેજના લવાજમો જે તે જિલ્લાના પ્રમુખશ્રીઓ દ્વારા મોકલવાના રહેશે.
- જિલ્લા ઘટક સંઘોએ હાયર મેસેજના સભ્યોની યાદી પૂરા નામ, સરનામા, પીનકોડ નંબર સાથે લવાજમની રકમ 'પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય ઉ. મા. શિક્ષક સંઘ મહામંડળ' ના નામ જોગ ડ્રાફ્ટ/ચેક મુખ્ય સંપાદકને મોકલવો.
- **મની ઓર્ડર દ્વારા હાયર મેસેજનું લવાજમ મોકલનાર મિત્રોએ મનીઓર્ડર સ્લીપમાં પૂરું નામ અને સરનામું અવશ્ય લખવું. કેટલાક મનીઓર્ડર સ્લીપમાં નામ કે સરનામા લખેલ હોતા નથી, જેથી હાયર મેસેજ મોકલી શકાતું નથી.**
- વ્યક્તિગત લવાજમ ભરનાર મિત્રોને વિનંતી કે તમારું લવાજમ મળે તે વખતે અગાઉ પ્રસિદ્ધ થયેલ હાયર મેસેજનો સ્ટોક હશે તો જ અગાઉના અંકો મોકલવામાં આવશે.
- **ઘટક સંઘોના પ્રમુખશ્રીઓને વિનંતી કે તમારા જિલ્લાના હાયર મેસોજના પાર્સલ મેળવવાનું સરનામું બદલાય તો તરત જ જાણ કરવી. પાર્સલ મેળવવાનું સરનામું જિલ્લાના સ્થળે રાખવું, જેથી કુરિયર સેવા ઉપલબ્ધ બને.**
- હાયર મેસેજ અંગે કોઈપણ ફરિયાદ અંગે મુખ્ય સંપાદક જોડે પત્ર વ્યવહાર કરવો કે ટેલીફોન કરવો.

# ...સંપાદકીય...

સંપાદકીય...

સારસ્વત મિત્રો...,

જય સરસ્વતી...!!!

- હાયર મેસેજનો આ વર્ષ : ૦૨ નો અંક ૦૪ છે.
- એપ્રીલ-મે, ૨૦૧૪થી હાયર મેસેજનું બીજુ વર્ષ શરૂ થશે.
- હાયર મેસેજના બીજા વર્ષના વ્યક્તિગત લવાજમો નીચેના સરનામે મોકલવા વિનંતી.
- **જે અંકથી આપશ્રીને પ્રથમ અંક મળે ત્યારથી છ અંક આપને મળશે.**

**શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર (મુખ્ય સંપાદક)**
**૪૧, ડાહ્યાલાલ પાર્ક,**
**કઠવાડા રોડ, નરોડા, અમદાવાદ-૩૦.**

- **ઘટક સંઘોના પદાધિકારી મિત્રોને વિનંતી કે, તમારા જિલ્લામાંથી એપ્રિલ થી મે બે માસમાં જ વધારેમાં વધારે હાયર મેસેજના વ્યક્તિગત લવાજમો ભરાય તેવા પ્રયત્નો કરશો.**

હાયર મેસેજ આપણા મહામંડળનું મુખપત્ર છે. તેનું જતન કરવાની આપણી જવાબદારી છે. ફરીથી.. આજ સુધી તમારા સૌનો મળેલ સહકાર બદલ સમગ્ર ઉ.મા. શિક્ષક મિત્રોનો આભાર. હાયર મેસેજ ટાઈટલને દિલ્લીથી મંજુરી મળેલ છે. આર.એન.આઈ. નંબર ની મંજુરી દિલ્હીથી મળેલ છે.

**આપનો, પ્રવિણસિંહ ડી. પરમાર**
**મુખ્ય સંપાદક, હાયર મેસેજ**

## મુંઝવણ અને માર્ગદર્શન

આપની મુંઝવણ અને પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવા નીચેના સરનામે પત્ર લખશો. આપના પ્રશ્નના જવાબ ત્યાર પછીના અંકમાં લેવાશે.

**નીતીન ટી. પંડ્યા**
૧૬, શીવ સંકલ્પ સોસાયટી, નારણપુરા પોસ્ટ ઓફીસ સામે, અમદાવાદ-૧૩.
મો. : ૯૮૨૫૩ ૧૭૩૦૭

# .......પ્રમુખશ્રીનો પત્ર.....



**પંકજભાઈ કે. પટેલ**

શિક્ષક મિત્રો,

હાયસ મેસેજ નો તા. ૧૫-૧૧-૨૦૧૪ નો અંક ૦૪ સળંગ અંક ૦૯ છે. મિત્રો બીજા સત્રની શરૂઆત થઈ ગઈ છે. આપશ્રી આપના કામમાં વ્યસ્ત થઈ ગયા હશો. ૨૦૧૬માં ધો.૧૧ અને ૨૦૧૭માં ધો. ૧૨, ૨૦૧૬માં ધો.૯ (ગણિત - વિજ્ઞાન સિવાય) ૨૦૧૭ માં ધો. ૧૦ (ગણિત - વિજ્ઞાન સિવાય) ના વિષયોના પાઠ્ય પુસ્તક નવા આવશે. જેનો અભાસક્રમ રચવાનું કાર્ય ગુ.મા. અને ઉ.મા. બોર્ડ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે. આ અભ્યાસક્રમ બોર્ડ દ્વારા સરકારશ્રીને મંજુરી માટે મોકલાશે અને ત્યારબાદ પાઠ્ય પુસ્તકમંડળ દ્વારા પાઠ્યપુસ્તક બનાવવાનું કામ ચાલુ થશે. ઉચ્ચતર મહામંડળ પણ અભ્યાસક્રમ સંરચનામાં બોર્ડ જોડે સહભાગી થયું હતુ અને લગભગ ૨૩ પદાધિકારીઓને અભ્યાસક્રમ સંરચનાના કાર્યમાં મદદમાં લેવાયા હતા. તે જ રીતે પાઠ્યપુસ્તક સંરચનામાં મહામંડળ પાઠ્યપુસ્તક મંડળ સાથે પુસ્તક સંરચનામાં મહામંડળ પાઠ્યપુસ્તક મંડળ સાથે સહભાગી બનશે.

ગુ.મા. અને ઉ.મા. બોર્ડમાં પેપર ચકાસણીમાં ગત વર્ષે અન્યાય થયો હતો જેની રજૂઆત મહામંડળ દ્વારા બોર્ડમાં કરી હતી જેના ફળ સ્વરૂપે બોર્ડની પરીક્ષા સમિતિએ મહામંડળ દ્વારા સુચવેલ ગુણાંક મોટા ભાગે સ્વીકારેલ છે જે આ અંકમાં સામેલ છે. જો તેમાં ફરીયાદ આવશે તો પુનઃ રજૂઆત કરાશે.

**તમામ પરીક્ષા કાર્યના મહેનતાણાંમાં ઘટાડો કરેલ છે જેનો ફક્ત ઉચ્ચતર મહામંડળે બોર્ડના ચેરમેન, વાઈસ ચેરમેન, સચીવશ્રી, પરીક્ષા સચીવશ્રી સમક્ષ વિરોધ નોંધાવ્યો હતો અને સમાચારપત્રોમાં પ્રેસ આપી હતી. જે આવેદનપત્ર ઉચ્ચતર શિક્ષકના બોર્ડ પ્રતિનિધિ જયંત ગડારા દ્વારા બોર્ડની કારોબારીમાં તા. ૧૫-૧૧-૧૪ ના રોજ તમામ કારોબારી સભ્યની સહી સાથે ચેરમેનશ્રીને આવેદનપત્ર આપ્યું હતું. આ બદલ જયંત ગડારા અને તમામ કારોબારી બોર્ડ સભ્યશ્રીનો આભાર માનવામાં આવે છે.** આશા રાખીએ કે માર્ચ-૨૦૧૪ નહી તો માર્ચ ૨૦૧૫ની પરીક્ષામાં મહેનતાણાંમાં પુનઃ સુધારો થઈ જાય. નવ વર્ધીત પેન્શન યોજનાના નવા પરિપત્રનો રાજ્યના ગ્રાન્ટેડ શાળાના કર્મચારી માટે પણ અમલ થાય તેની રજૂઆત મહામંડળે કરેલ છે જે આ અંકમાં સામેલ છે. પાસપોર્ટમાં જિલ્લાશિક્ષણાધિકારીશ્રી NOC માટે સહી સિક્કા કરે તે માટે પણ રજૂઆત કમિશ્નરશ્રીમાં કરેલ છે. જે આ અંકમાં સામેલ છે.

માધ્યમિક વિભાગમાં જગ્યા પડતા ઉચ્ચતરમાં સમાયેલ માધ્યમિક શિક્ષકને પુનઃ જિલ્લામાં ખાલી પડતી જગ્યામાં સમાવાય તેવી રજૂઆત વડોદરા જિલ્લા સંઘના શિક્ષકની ફરીયાદ સાથે **શ્રી ઈ.પી. દેસાઈ** સંયુક્ત શિક્ષણ નિયામકને કરેલ છે. જે આ અંકમાં સામેલ છે.

૯૮ પછી નીમાયેલ શિક્ષક ફાજલ થાય તો ઘણા જિલ્લામાં તેને કામગીરી ખાનગી ગ્રાન્ટેડ શાળામાં સોંપાતી નથી જે અંગે રજૂઆત **શ્રી ઈ.પી. દેસાઈ** સંયુક્ત શિક્ષણ નિયામક સમક્ષ કરેલ છે.

CCC ની પરીક્ષા સરકારશ્રી સમયસર ન લઈ શકવાને કારણે ૯ વર્ષ કે ૨૦ વર્ષ કે ૩૧ વર્ષ પૂર્ણ થતાં પહેલાં CCC ની પરીક્ષા આપવા અંગે નાણાં ભર્યા છે પરંતુ CCC ની પરીક્ષા સરકારશ્રીએ લીધી નથી છતાં જ્યારે પરીક્ષા પૂર્ણ કરાય ત્યાર બાદ ૯-૨૦-૩૧ નો લાભ અપાય છે. જેથી મહામંડળ દ્વારા શિક્ષણ વિભાગ, જી.એ.ડી. અને નાણાં વિભાગમાં રજૂઆત કરેલ છે. રાજકોટમાં આ અંગે **જયંત ગડારા** અને પ્રમુખશ્રી દ્વારા પણ રજુઆત કરેલ છે. અગાઉ પરીક્ષા ગમે તે સમયે પૂર્ણ કરીએ પણ ૯-૨૦-૩૧ નો લાભ નિયત સમયે જ અપાતો હતો. તેમજ લાભ ચાલુ રહેવો જોઈએ.

એન્ટ્રીલેવલ પે સ્કેલ અંગે શિક્ષણમંત્રી **શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા** સક્ષમ દિવાળી અગાઉ અને દિવાળી બાદ રજૂઆત કરી હતી. તેઓશ્રીને આપણે જણાવ્યું હતું કે આપશ્રી છેલ્લા ૧૩ માસથી ઉકેલાયો નથી. આપશ્રી અને મહામંડળ બંન્ને અશક્તિમાન સાબિત થયેલ છે માટે વહેલી તકે આપશ્રી આ પ્રશ્નો ઉકેલો તેવી રજૂઆત કરેલ છે. જે માહિતી બાકી અને અધુરી ડી.ઈ.ઓ. દ્વારા આપી હતી તે ૧૦+૨ દ્વારા લોકલફંડ એક્ષામીનર અને લોકલફંડ એક્ષામીનર દ્વારા નાણાં

વિભાગમાં મોકલી આપેલ છે, જે નાયબ નાણાં સચિવશ્રી સેઈલર સાહેબ દ્વારા નાણાં સચીવશ્રી અર્પણાબેનને મોકલેલ છે. હવે **નાણાં સચિવશ્રી સીંગ સાહેબ અને નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**ની મંજૂરી મળતા ઠરાવ બહાર પડી શકે છે. આપને જણાવવાનું કે શિક્ષણ વિભાગ દ્વાર જેઓને એન્ટ્રીલેવલ આપી દીધેલ છે તેમની રીક્વરી કરવા ૧૦+૨ કમિશ્નર કચેરીને જણાવેલ છે. પરંતુ મહામંડળ દ્વારા રજૂઆત કરી આ પ્રશ્ન ટૂંક સમયમાં ઉકેલાવાનો છે ત્યારે હાલ રીકવરી ન કરવા કમિશનર કચેરીમાં રજૂઆત કરેલ છે જેથી રીકવરી થઈ નથી.

ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ટીચર્સ ઓર્ગેનાઈઝશન દ્વારા તા. ૧૭-૧૮-૧૯ - ૧૧-૨૦૧૪ ના રોજ Effective **Implementation of RTE-2009** માટે વર્કશોપ રોઝ સ્કૂલ - જયપુર ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં મહામંડળના પ્રતિનિધિ તરીકે **શ્રી પંકજભાઈ કે. પટેલ, શ્રી વિનોદભાઈ પટેલ, ઉર્વશી પટેલે** હાજરી આપી હતી. જેમાં મહામંડળના **પ્રમુખશ્રી પંકજભાઈ પટેલે** RTE-2009 ના ઈફેકટીવ અમલ માટે ૧૦૦% ભરતી, શિક્ષકોના પ્રશ્નોનો ઉકેલ, શિક્ષકોને રક્ષણ, શિક્ષકોને તાલીમ, ધો.૮ પછી પરીક્ષા, વિદ્યાર્થી - વાલીની મુશ્કેલી દુર કરવી વગેરે સૂચનો કર્યા હતા. જેનો સૌએ સ્વીકાર કર્યો હતો. સાથે સાતમા પગાર પંચના અમલ પૂર્વે છઠ્ઠા પગાર પંચનો અમલ જે રાજ્યોમાં પૂર્ણ ન થયેલ હોય તે પૂર્ણ કરાવવા કેન્દ્ર સરકારમાં રજૂઆત કરવાનું જણાવ્યું હતું. મિત્રો RTE-2009 ના અમલમાં ગુજરાત આગળ છે. પડોસી રાજ્ય મહારાષ્ટ્રમાં પણ તેનો અમલ હજુ થયો નથી. આપણે સૌએ પણ તેનો અભ્યાસ કરવો જોઈએ. RTE-2009 આ અંકમાં સામેલ છે. ઘણા રાજ્યોમાં ડેઈલી વેજીસ પર શિક્ષકો રખાય છે, કોન્ટ્રાકટ બેઈઝ પર ટીચર્સ રખાય છે. ઘણા રાજ્યમાં ફિક્સ વેતન પણ આપણા કરતાં ઓછુ છે. કાર્યક્રમમાં **રાજસ્થાનના શિક્ષણમંત્રી વાસુદેવ દેવનાની, રાજસ્થાન બોર્ડના ચેરમેનશ્રી ચૌધરી સાહેબ** હાજર હતાં. ફેડરેશનના **પ્રમુખશ્રી સનાઢ્ય તથા જનરલ સેક્રેટરીશ્રી ધર્મ વિજય પંડીત** સહિત સમગ્ર દેશમાંથી તેત્રીસ પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા.

તા. ૫-૧૧-૧૪ના રોજ **શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસ્મા સાહેબ**ના અધ્યક્ષ સ્થાને અને રાજયકક્ષાના **શિક્ષણમંત્રીશ્રી નાનુભાઈ વાનાણી** ઉચ્ચ શિક્ષણ રાજયકક્ષાના **મંત્રીશ્રી વસુબેન ત્રિવેદી**ની હાજરીમાં ગુણોત્સવની મિટીંગ જુદા જુદા સંઘોના પ્રતિનિધીની સાથે થઈ હતી. જેમાં ઉચ્ચતર સંઘના પ્રતિનિધી તરીકે **મુકેશભાઈ પટેલ- પાટણ, મહેશભાઈ પટેલ - અમદાવાદ, વિનોદભાઈ પટેલ મહામંત્રીશ્રીએ** હાજરી આપી જુદાજુદા સૂચનો કર્યા હતા અને ગુણોત્સવમાં સંઘોની મદદની ખાત્રી આપી હતી. તા. ૧૧-૧૧-૧૪ના રોજ સમગ્ર રાજ્યમાં સંઘોના પ્રતિનિધીની હાજરીમાં જિલ્લાશિક્ષણાધિકારી સાથે ગુણોત્સવ માટે મિટીંગ થઈ હતી. સમગ્ર રાજ્યમાંથી **૫૦૦ થી વધુ ઉ.મા. શિક્ષકોએ** આ કાર્યમાં ભાગ લીધો હતો. આ કામ આપણું છે તેમ સૌ ઉ.મા. શિક્ષકોએ સ્વીકારી લીધું હતું. જો પ્રાથમિકમાંથી જ સારી ગુણવત્તા યુક્ત વિદ્યાર્થી આવશે તો તેનો લાભ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ પ્રાપ્ત થશે.

**તા. ૬-૧૦-૧૪ના રોજ ઉચ્ચતર મહામંડળની રાજ્ય કારોબારી પાલડી મહામંડળના ભવન ખાતે મળી હતી. જેમાં ફેબ્રુઆરીના અંતમાં કે માર્ચની શરૂઆતમાં મહામંડળનું અધિવેશન અમદાવાદ/ગાંધીનગર/અંબાજી કે અન્ય અનુકુળ સમયે કે જગ્યાએ યોજવાનો ઠરાવ થયો હતો. જેમાં આપ સૌ ડેલીગેટ ફી ભરો અને રક્ષણ, એન્ટ્રી લેવલ પે સ્કેલ, ગ્રંથપાલ, ઉદ્યોગ શિક્ષકના પગાર અંગે ૩૧ વર્ષે ઉચ્ચતર પગાર માટે ઉમટી પડો ઠરાવ આ અંકમાં સામેલ છે.**

**કારોબારીમાં મા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉપાડેલ સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે સપથ લેવામાં આવી હતી કે હું મારો વર્ગ, મારી શાળા, આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખીશું અને ૧૦૦ કલાક શ્રમદાન માટે આપીશ. આપ સૌ પણ આ કાર્યમાં સહભાગી બનો. મહામંડળના ઠરાવની નકલ મા. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, મા. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને દિપાવલીની શુભેચ્છા મુલાકાતમાં પ્રમુખશ્રી દ્વારા અર્પણ કરેલ. તેઓશ્રીએ આપના કાર્યને બીરદાવ્યું હતું.**

મહિલા કર્મચારીઓને પ્રસુતીની **૧૩૫** દિવસની રજા ના બદલે **૧૮૦** દિવસની રજા આપવાનું સરકારશ્રીએ નક્કી કરેલ છે. તે બદલ **પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો અભિનંદન સાથે આભાર** માનવામાં આવે છે જે ઠરાવ આ અંકમાં સામેલ છે. પટાવાળાની ભરતીનો ઠરાવ, બોર્ડની પ્રેકટીકલ પરીક્ષાના ઠરાવ, ફિક્સ પગાર વધારાનો, નિવૃત શિક્ષક ઉત્તરવહી ચકાસવા અંગેનો ઠરાવ આ અંકમાં સામેલ છે.

**પંકજભાઈ કે. પટેલ**
**પ્રમુખ ગુ.રા.ઉ.મહામંડળ**

## ઉચ્ચતરમાં ખાલી પડેલ જગ્યા પર ઉચ્ચતર શિક્ષકને સમાવવા બાબત

પ્રતિ, મા.શ્રી ઈ.પી. દેસાઈ સાહેબ,
સંયુક્ત શિક્ષણ નિયામક શ્રી, ગાંધીનગર

**વિષય : માધ્યમિક વિભાગમાં જગ્યા પડતા ઉ.મા. વિભાગમાંથી રીકોલ કરવા બાબત**

મા. સાહેબ શ્રી

જય જય ગરવી ગુજરાત સાથે જણાવાનું કે તા.૨૨-૧૧-૧૦ અને તા.૨૫-૨-૧૧ ના શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર માધ્યમિક વિભાગના શિક્ષકને ઉ.મા વિભાગમાં સમાવેલ હોય પરંતુ જ્યારે માધ્યમિક વિભાગમાં જગ્યા ઉભી થતા તેને પુનઃરોકાણ માધ્યમિક વિભાગમાં કરવાનો થાય છે. તેને અમલ જીલ્લા શિક્ષણઅધિકારી કરતા નથી. જે આપને વિદીત થાય.

વડોદરા જીલ્લાનો આ સાથે ઉ.મા. વિભાગ માંથી સમાવવાનો હુકમ સામેલ છે. પરંતુ શાળા ધારા ઉ.મા. વિભાગના શિક્ષક હાજર કરાવતા નથી. જે અંગે ડી.ઇ.ઓ શ્રી ને ઘટના કાર્યવાહી કરાવવા વિનવવુ

**આભાર**

**પંકજભાઈ કે. પટેલ**

•

## ૯૮ પછી નીમાયેલ શિક્ષકને સમાવવા બાબત

પ્રતિ, મા.શ્રી. ઈ.પી.દેસાઈ સાહેબ,
સંયુકત શિક્ષણ નિયામક શ્રી, ગાંધીનગર

**વિષય : ૯૮ પછીના શિક્ષકોને ખાલી જગ્યા હોય ત્યાં સમાવવા બાબત**

મા.સાહેબ શ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે ૯૮ પછીના શિક્ષકશ્રીને વિભાગ ધ્વારા સુચના આપી છુટા કે ફાજલ ન કરવાની કામગીરીના આદેશ આપ શ્રી દ્વારા કરેલ છે જે આવકાર દાયક છે.

પરંતુ જીલ્લામાં ઘણી જગ્યાઓ ખાલી છે. આ જગ્યા પર ઘણા ડી.ઈ.ઓ ૯૮ પછીના શિક્ષકને હાજર કરી કામગીરી અપેક્ષા ના હુકમ કરે છે. પરંતુ અમદાવાદ શહેર અને જીલ્લાના ડી.ઈ.ઓ શ્રી ખાનગી ગ્રાન્ટેડ શાળામાં ૯૮ પછીના શિક્ષકશ્રી ને હાજર કરવાના હુકમ કરતા નથી. શિક્ષકને પગાર અપાય છે તો તેને કામગીરી પણ અપાય તે અંગે ઘટતા કાર્યવાહી કરવા વિનંતી.

**આભાર**

**પંકજભાઈ કે.પટેલ**

•

## પરીક્ષા કાર્યનો મહેનતાણા ઘટાડો રદ કરવા બાબત

તા.૧૪-૧૧-૨૦૧૪

પ્રતિ, મા,શ્રી વરસાણી સાહેબ, ચેરમેન શ્રી,
ગુ.મા. અને ઉ.મા.બોર્ડ

**વિષય :- પરીક્ષા કાર્યના મહેનતાણા માં કરેલ ઘટાડો રદ કરવા બાબત.**

મા.સાહેબશ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે ગુ.મા. અને ઉ.મા.બોર્ડ દ્વારા પરીક્ષા કાર્યના મહેનતાણા માં ઘટાડો કરવામાં આવ્યો છે જેનો ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનો વિરોધ છે.

બોર્ડના ઈતિહાસમાં એક વખત કરેલ વધારો કયારેય ઘટાડવામાં આવ્યો નથી સિવાય કે કોઈ ભૂલ કે શરત ચૂક થઈ હોય.

મહેનતાણાં ઘટાડાની અસર શિક્ષકો પરીક્ષાની કામગીરી પર થઈ શકે છે. જો કોઈ વધારો ન થયો હોય તો પ્રશ્ન ઉપસ્થિત ન થાય. પરંતુ વધારો કર્યો પછી ઘટાડો યોગ્ય નથી. હવે ફી માં પણ ૧૦ ટકા વધારો કરવામાં આવ્યો છે. બોર્ડ પાસે પુરતુ ભંડોળ છે. માટે પરીક્ષાના તમામ કાર્યમાં કરેલ ઘટાડો પરત ખેંચી માર્ચ ૧૪ની જાહેત પરીક્ષા અગાઉ જે મહેનતાણાં હતા તેનો ઠરાવ કરવા વિનંતી. આભાર,

**પંકજભાઈ કે. પટેલ**
**પ્રમુખ, ગુ.હા.ઉ. મહામંડળ**

## નવી નવવર્ધીત પેન્સન યોજના લાગુ પાડવા બાબત

તા.૧૪-૧૧-૨૦૧૪

પ્રતિ,
મા.શ્રી.ઈ.પી. દેસાઈ સાહેબ,
સંયુક્ત શિક્ષણ નિયામક શ્રી, ગાંધીનગર

**વિષય :- નવવર્ધીત પેન્સન યોજનાનો નવો ઠરાવ ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોને લાગુ પાડવા બાબત.**

મા. સાહેબ શ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનુ કે નવવર્ધીત પેન્શન યોજનાનો નાંણા વિભાગ ના થયેલ છરાવનો ગ્રાન્ટેડ શાળા ના માધ્યમિર અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો માટે અમલ કરવા ઘટતી કાર્યવાહી કરવા વિનંતી. આભાર,

**પંકજભાઈ કે. પટેલ**
**પ્રમુખ, ગુ.હા.ઉ.મહામંડળ**

●

## પાસપોર્ટ કઢાવવા એન.ઓ.સી. અંગે

તા. ૧૪-૧૧-૨૦૧૪

પ્રતિ, મા.શ્રી ઈ.પી. દેસાઈ સાહેબ
સંયુક્ત શિક્ષણ નિયામક, ગાંધીનગર

**વિષય :- પાસપોર્ટ કઢાવવા માટે ડી.ઈ.ઓ. દ્વારા એન.ઓ.સી. આપવા બાબત.**

મા. સાહેબ શ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનુમ કે ખાનગી ગ્રાન્ટે શાળાના શિક્ષકો / કર્મચારીઓને પાસપોર્ટ કઢાવવા માટે ડી.ઈ.ઓ.દ્વારા એ.ઓ.સી. આપવામાં આવે છે. પરંતુ ઘણા ડી.ઈ.ઓ દ્વારા થાય છે માટે પાસપોર્ટ કાઢવાની એન.ઓ.સી. પણ જિલ્લા શિક્ષણાધીકારીશ્રી દ્વારા અપાય તે અંગે સંબંધીત સુચના દરેક ડી.ઈ.ઓ ને અપાય તેવી વિનંતી. આભાર,

**પંકજભાઈ કે. પટેલ**
**પ્રમુખ, ગુ.હા.ઉ. મહામંડળ**

## પરીક્ષણ કાર્યની ગુણાંકન પદ્ધતિ અંગે

માર્ચ-૨૦૧૩ ની પરીક્ષા દરમિયાન સીનીયર શિક્ષકોને અન્યાય થયો હતો. જે કો-ઓર્ડીનેટર તરીકે રહેલ હોય તેને એક્ષામીનરના હુકમ, મોડરેટરને એક્ષામીરના હુકમ થયા હતા. જે પેપર ચકાસણીકાર હતા. તેને મોડરેટર કે ચીફ કો-ઓર્ડીનેટરના હુકમ મળ્યા હતા. જેનો મહામંડળ અને આપણા ત્રણેય બોર્ડ સભ્યશ્રીએ વિરોધ કર્યો હતો. મહામંડળ દ્વારા નીચે મુજબ ગુણાંકન પદ્ધતિ સુચવી હતી.

**અનુભવના વર્ષ દીઠ ૨ ગુણ**

| | | |
|---|---|---|
| વધુમાં વધુ ૩૫ વર્ષ x ૨ | = | ૭૦ |
| સ્નાતક | = | ૦૫ |
| તાલીમ | = | ૧૦ |
| અનુસ્નાતક | = | ૧૦ |
| M.Phil Phd. Med. | = | ૦૫ |
| **કુલ ગુણ** | = | **૧૦૦** |

પરીક્ષા સમિતિએ મોટા ભાગની આપણી રજૂઆત સ્વીકારી હતી અને નીચે મુજબ ગુણાંકન યોજના નક્કી કરેલ છે. આપ સૌને યાદ રહે કે પરીક્ષા સમિતિમાં ઉચ્ચતર મહામંડળના ચુંટાયેલ સભ્યોમાંથી કોઈ પ્રતિનિધી નથી. છતાં આપણી વાત સ્વીકારાયેલ છે.

**અનુભવના વર્ષ દીઠ ૨ ગુણ**

| | | |
|---|---|---|
| વધુમાં વધુ ૩૫ વર્ષ x ૨ | = | ૭૦ |
| સ્નાતક | = | ૧૦ |
| તાલીમ | = | ૧૦ |
| અનુસ્નાતક | = | ૨૦ |
| Med. | = | ૦૫ |
| M.Phil Phd. | = | ૦૫ |
| **કુલ ગુણ** | = | **૧૨૦** |

**પ્રકાશચંદ્ર પટેલ** **મહેશભાઈ પટેલ**
**જયંત ગડારા**
**સભ્યશ્રી, ગુ.મા. અને ઉ.મા. બોર્ડ**

# પરિપત્ર

**ક્રમાંક : માઉમશબ/ક-૧/પરીક્ષક/૨૦૧૪/૫૮૧**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**સેકટર-૧૦-બી, જૂના સચિવાલય પાસે,**
**ગાંધીનગર. તા. ૧૧-૧૧-૨૦૧૪**

**પ્રતિ,**
**જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ**
**ગુજરાત રાજય**

**વિષય : ઉત્તરવહી પરીક્ષણ કાર્ય માટે નિવૃત શિક્ષકશ્રીઓની સેવા લેવા બાબત.**
**સંદર્ભ : બોર્ડની પરીક્ષા સમિતિનો ઠરાવ ક્રમાંક : ૧૩૮/૨૦૧૪**

ઉપરોક્ત વિષય સવિનય જણાવવાનું કે આપના જિલ્લાની માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના નિવૃત થયેલા શિક્ષકોની ઉ.મ.પ્ર. પરીક્ષા ધો.૧૨ સામાન્ય પ્રવાહ વિજ્ઞાન પ્રવાહ તેમજ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા ધો.૧૦ ની આગામી માર્ચ-૨૦૧૫ની પરીક્ષાની ઉત્તરવહીઓની ચકાસણી માટે જે તે વિષયના નિવૃત થયેલા શિક્ષકોની પરીક્ષક તરીકે સેવાઓ લેવા બાબતે પરીક્ષા સમિતિએ ઉપરોક્ત સંદર્ભ દર્શિત ઠરાવથી નક્કી કરેલ છે. આ માટે જે નિવૃત શિક્ષકશ્રીઓ આ કામગીરીમાં જોડાવા ઈચ્છતા હોય તેઓએ સાથેના પરિશિષ્ટના ફોર્મ મુજબની વિગતો સાથે અરજી કરવાની રહેશે. ધો.૧૦ ની કામગીરી માટે ખાસ ફરજ પરના અધિકારીશ્રી વડોદરા બોર્ડની કચેરી તેમજ ધો.૧૨ નીકામગીરી માટે પરીક્ષા સચિવશ્રી - ગાંધીનગર બોર્ડની કચેરી ખાતે વિગતો સહિત તેમજ બાહેંધરી સહિત દિન-૩૦ માં માત્ર ટપાલથી મોકલી આપવા આપના જિલ્લાની તાબાની શાળાઓને જાણ કરશો. તેમજ સ્થાનિક કક્ષો યોગ્ય પ્રસિધ્ધિ આપવા પણ વિનંતી છે. આ બાબતનો પ્રચાર - પ્રસાર થાય તેવી વ્યવસ્થા કરવા પણ વિનંતી છે.

**પરીક્ષા સચિવ**
**ગુજરાત માધ્યમિક અને ઉ. મા. શિક્ષણ બોર્ડ**
**ગાંધીનગર.**

**નકલ રવાના :**
સચિવશ્રી અને તંત્રીશ્રી
(મા.શિ. અને પરીક્ષણના અંકમાં પ્રસિદ્ધ કરવા વિનંતી સહ.)
પ્રતિ, આચાર્યશ્રી
ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ

**વિષય : ઉત્તરવહી પરીક્ષણ કાર્ય માટે નિવૃત શિક્ષકની સેવા લેવા બાબત**

સંદર્ભ / દર્શિતપત્ર અન્વયે નિવૃત શિક્ષકોની સેવા લેવાની થતી હોય આપની શાળાના નિવૃત શિક્ષકો સેવા આપવા માંગતા હોય તો સામેલ ફોર્મ ભરી- બોર્ડની કચેરી ખાતે મોકલી આપવાનું રાખશો.

**જિ.શિ. અ. મહેસાણા**

**ક્રમાંક : મઉમશબ/ક-૧/પરીક્ષણ મેરીટ/૨૦૧૪/૫૮૦**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**સેકટર-૧૦ બી, સચિવાલય પાસે, ગાંધીનગર.**
**તા. ૧૨-૧૧-૨૦૧૪**

**પ્રતિ,**
**આચાર્યશ્રી,**
**તમામ ઉ.મા. શાળાઓ,**
**ગુજરાત રાજ્ય**

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પરીક્ષણ કાર્યમાં શિક્ષકોની સીનીયોરીટી ગણવા બાબત**
**સંદર્ભ : બોર્ડની પરીક્ષા સમિતિનો ઠરાવ ક્રમાંક : ૧૩૭/૨૦૧૪**

ઉપરોક્ત વિષયે સવિનય જણાવવાનું કે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ તેમજ અન્ય પ્રવાહોના શિક્ષકશ્રીઓને ઉત્તરવહીઓના મૂલ્યાંકનની કામગીરી સોંપવામાં આવે છે ત્યારે તેઓની સીનીયોરીટી ગણવા બાબત અગાઉની પદ્ધતિમાં ફેરફાર કરવા અંગે ઉ.મા. શિ. સંઘ - ગુજરાત રાજયના પ્રમુખશ્રીની દરખાસ્ત મળેલી જે અન્વયે બોર્ડની પરીક્ષા સમિતિએ દરખાસ્ત પર ચર્ચા વિચારણા કરી મેરીટ ગણાવ અંગે માળખામાં નીચે મુજબનો સુધારો કરવાનું ઠરાવેલ છે.

| ક્રમ | વિગત | કુલ ગુણ |
|---|---|---|
| ૧ | શૈક્ષણિક અનુભવ વર્ષદીઠ ૨ - માર્કસ (૩૫ વર્ષ મહત્તમ) | ૭૦ માર્કર્સ |
| ૨ | સ્નાતક | ૧૦ ગુણ |
| ૩ | તાલીમી સ્નાતક | ૧૦ ગુણ |
| ૪ | અનુસ્નાતક | ૧૦ ગુણ |
| ૫ | એમ.એડ. | ૦૫ ગુણ |
| ૬ | એમ.ફીલ/પી.એચ.ડી. | ૦૫ ગુણ |
| | | **૧૨૦ ગુણ મહત્તમ** |

ઉપરોક્ત ગણતરીના આધારે શિક્ષકોની મેરીટ યાદી તૈયાર કરતી વખતે શૈક્ષણિક અનુભવના વર્ષો અને શૈક્ષણિક લાયકાતના ટકાને કુલ ગુણના પ્રમાણસર રૂપાંતર કરીને તૈયાર કરવામાં આવશે. (દા.ત. ૬૦ ટકા હોય તો ૧૦ માંથી ૬ કે ૨૦ માંથી ૧૨ મુજબ) જેની નોંધ લેવા સૌ સંબંધિતોને જણાવવામાં આવે છે.

**સહી**
**પરીક્ષા સચિવ**
**ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ**

**તા. ૧/૪/૦૫ કે ત્યારબાદ કેન્દ્ર સરકારની સેવા અથવા કેન્દ્ર સરકારની હસ્તક સ્વાયત્ત સંસ્થાઓની સેવાઓ રાજ્ય સરકારની સેવાઓ સાથે જોડતા નવી વર્ધિત પેન્શન યોજનાની કપાત બાબત**

**ગુજરાત સરકાર, નાણા વિભાગ**
**ઠરાવ ક્રમાંક : નપન/૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી (પા.ફા.-૪)**
**સચિવાલય, ગાંધીનગર. તા. ૨૦/૧૦/૨૦૧૪**

**વંચાણે લીધા : નાણા વિભાગના તા. ૧૮-૩-૨૦૦૫, તા. ૦૬-૯-૨૦૦૫ તથા તા. ૧૦-૪-૧૩ ના સમાનાંકી ઠરાવો**

ઉક્ત વંચાણે લીધેલ તા. ૧૮-૩-૨૦૦૫ના ઠરાવથી તા. ૦૧-૦૪-૨૦૦૫ પછી રાજ્ય સરકારની સેવામાં જોડાતા કર્મચારીઓને ન્યુ વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. વંચાણે લેધીલે તા. ૦૬-૦૯-૦૫ તથા તા. ૧૦-૪-૧૩ ના ઠરાવોથી અનુક્રમે તા. ૦૧-૦૪-૨૦૦૫ પહેલા રાજ્ય સરકારની સેવામાં તથા તા. ૩૧-૧૨-૨૦૦૩ પહેલાં કેન્દ્ર સરકારની સેવા અથવા કેન્દ્ર સરકાર હસ્તકની સ્વાયત્ત સંસ્થાઓમાં ફરજ બજાવનાર કર્મચારીને ઠરાવની અન્ય જોગવાઈઓને આધીન જૂની પેન્શન યોજનામાં ગણવાનું નિયત થયેલ છે.

તા. ૧૦-૪-૧૩ નો ઠરાવ થતા તા. ૦૧-૦૪-૨૦૦૫ બાદ કેન્દ્ર સરકારની સેવામાંથી રાજ્ય સરકારની સેવામાં જોડતા કર્મચારીઓ દ્વારા તેઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા રજૂઆત કરવામાં આવે છે. આ કર્મચારીઓ પૈકી ઘણા કર્મચારીને નવી વર્ધિત પેન્શન યોજના (NSP) લાગુ પાડવામાં આવેલ છે તથા યોજના મુજબ તેઓની કપાત પણ શરૂ થઈ ગયેલ છે. આ કર્મચારીઓને દર્શાવેલ ઠરાવોની જોગવાઈને આધીન જો જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે તો તેઓની નવી વર્ધિત પેન્શન યોજના હેઠળની કપાત અંગે તેવા કર્મચારીઓના કિસ્સામાં, કાળજીપૂર્વક વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**

(૧) કર્મચારીના નવી વર્ધિત પેન્શન યોજના (NPS) હેઠળના ખાતામાં કુલ જમા રકમ પૈકી જે તારીખે રકમ G.P.F. માં લઈ જવામાં આવે તે તારીખે જમા રકમ ધ્યાને લઈ તેના ૫૦% રકમ કર્મચારીના G.P.F. ખાતામાં તથા ૫૦% રકમ સરકારમાં પરત લેવામાં આવશે.

(૨) જે કર્મચારી/અધિકારકીઓના G.P.F. એકાઉન્ટસ બંધ થયેલ છે તથા તે રકમ ઉપાડી લીધેલ છે તેવા કર્મચારી/અધિકારીઓએ ઉપાડેલ G.P.F. ની રકમ વ્યાજ સહિત તેઓના જૂના G.P.F. એકાઉન્ટસ પુનઃ ચાલુ કરાવી તેમાં જમા કરવાની રહેશે. આ રીતે રકમ પરત લીધાની નોંધ કર્યા બાદ જ સેવા સળંગ ગણવાના હુકમો કરવાના રહેશે તથા ઉક્ત બાબતની નોંધ સેવાપોથીમાં અવશ્ય કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(બી.એસ. મીસ્ત્રી)**
**સેકશન અધિકારી, નાણા વિભાગ**

**રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂકોનો ફીકસ પગાર સુધારવા બાબત.**

**ગુજરાત સરકાર**

**નાણા વિભાગ**

**ઠરાવ ક્રમાંકઃખ ૨ ચ /૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ.૧**

**સચિવાલય, ગાંધીનગર**

**તા. ૨૦/૧૦/૨૦૧૪**

**સંદર્ભ :**

(૧) નાણા વિભાગ નો તા.૧૬/૨/૨૦૦૬નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૨) નાણા વિભાગનો તા.૧/૮/૨૦૦૬નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૩) સા.વ વિભાગનો તા.૪/૬/૨૦૦૯ નો ઠરાવ ક્રઃસીઆરઆર/૧૧૨૦૦૮/૪૩૩/૭૧/ગ.૫

(૪) નાણા વિભાગનો તા.૨૯/૪/૨૦૧૦નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૫) નાણા વિભાગનો તા.૬/૧૦/૨૦૧૧નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧

**આમુખ :**

સંદર્ભ (૧) અને (૨) માં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૧/૮/૨૦૦૬ ના ઠરાવો થી રાજય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં રાજય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫(પંચ) વર્ષ માટે ફીક્સ પગારથી સીધી ભરતીથી નિમણૂકો કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઠરાવો સંદર્ભમાં સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૩) માં દર્શાવેલ તા. ૪/૬/૨૦૦૯ના ઠરાવથી કરાર આધારિત ફીક્સ પગારથી નિમણૂક બાબતની શરતો અને બોલીઓ નિયત કરવામાં આવેલ છે. સંદર્ભ - (૫) ના તા.૬/૧૦/૨૦૧૧ના ઠરાવથી સંદર્ભ (૧)ના ઠરાવથી નિયત કરવામાં આવેલ ફીક્સ પગારનાં દરોમાં સુધારો કરવામાં આવેલ છે.

છેલ્લા કેટલાંક સમયથી ઉક્ત ઠરાવો અન્વયે નિયત કરવામાં આવેલ ફીક્લ પગારમાં સુધારો કરવા બાબતે રાજ્ય સરકારને વ્યકિતગત તેમજ કર્મચારી સંગઠનો તરફથી રજુઆતો મળેલ હતી. જેને ધ્યાનમાં લેતાં, સંદર્ભ (૫)થી નિયત કરેલ ફીક્સ પગારની રકમ સુધારવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

રાજ્ય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંત્ સંદર્ભ (૫)ના ઠરાવથી માસિક ફીક્સ પગારના નક્કી કરેલા દરમાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ વધારો કરવા નિર્ણય કરેલ છે.

**પત્રક**

| **અ.નં.** | **હાલનો ફીક્સ પગાર (રૂપિયા) તા. ૬/૧૦/૨૦૧૧ ના ઠરાવ મુજબ** | **સુધાર્યા મુજબનો ફીક્સ પગાર (રૂપિયા)** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | રૂા. ૪૫૦૦ | રૂા. ૭૧૦૦/- |
| ૨ | રૂા. ૫૩૦૦ | રૂા. ૭૮૦૦/- |
| ૩. | રૂા. ૯૪૦૦ | રૂા. ૧૩૫૦૦/- |
| ૪. | રૂા. ૧૦૦૦૦ | રૂા. ૧૩૭૦૦/- |

આ સુધારેલ ફીક્સ પગારનો અમલ તા. ૧-૧૦-૨૦૧૪થી કરવાનો રહેશે. રાજ્ય સરકારમાં હવે પછી ફીક્સ પગારની તા. ૧૬-૦૨-૨૦૦૬ ના ઠરાવ અન્વયેની નીતિ અનુસાર સીધી ભરતીથી થતી નિમણૂંકોમાં પણ આ ઠરાવથી સુધાર્યા મુજબનો ફીક્સ વગાર ચુકવવાનો રહેશે.

નાણા વિભાગના સંદર્ભ (૧) અને (૨) માં દર્શાવેલ અનુક્રમે તા. ૧૬-૨-૨૦૦૬ અને અને તા. ૧-૮-૨૦૦૬ના ઠરાવોમાં તેમજ સામાન્ય વહીવટ

વિભાગના સંદર્ભ (૩) માં દર્શાવેલ અન્ય તમામ શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જી.પી. પટેલ)**
**નાયબ સચિવ**
**નાણા વિભાગ**

●

**નવી વર્ધિત પેન્શન યોજના (NPS) તા. ૧-૪-૨૦૦૫ થી ફરજ બજાવતા કર્મચારી / અધિકારીને નિવૃત્તિ / અવસાન સમયે જમા રજાનું રોકડમાં રૂપાંતર નિયમાનુસાર મળવા બાબત**

**ગુજરાત સરકાર**
**નાણા વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**ઠરાવ ક્રમાંક : નપન-૧૦૨૦૧૧-ડીર૪૫-(૧૦૯૬/૨૦૧૪)પી**
**તારીખ : ૨૦-૧૦-૨૦૧૪**

**વંચાણે લીધા :**

(1) Government of India Ministry of Finance Services New Delhi O.M.F. No. 1(7) (2) 2003/TA/245, Dated 21-04-2004
(2) Government Resolution, Finance Department No. PGR-1098-20-M, Dated 19-02-1998
(3) The Gujarat Civil Services (Leave) Rules, 2002
(4) NPN-2003-GOI-10-P, Dated 06-09-2005
(5) NPN-2003-GOI-10-P, Dated 10-04-2013
(6) NPN-102011-(D-245)-P, Dated 01-06-2013
(7) FOA-1092-UO-307-G2 (PART-1) Dated 24-02-1993
(8) FOA-1092-UO-307-G2 (PART-1) Dated 25-04-2006

ઠરાવ :

નાણા વિભાગના તા. ૧૮-૩-૨૦૦૫ના ઠરાવથી તા. ૦૧-૦૪-૨૦૦૫ પછી દાખલ થનાર કર્મચારી/અધિકારીઓને નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવામાં આવેલ છે. આ યોજના હેઠળ દાખલ થનાર કર્મચારી / અધિકારીઓની exit policy ભારત સરકારના ધોરણે નક્કી થયેલ છે અને આ યોજના અંતર્ગત દાખલ થનાર કર્મચારી/અધિકારીઓ માટે વખતો-વખતના ઠરાવથી આ અંગેની નીતિ કેન્દ્ર સરકાર ધ્વારા આખરી ન થાય ત્યાં સુધી અન્ય માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આ કર્મચારી/અધિકારીઓ કે જેઓ તા. ૧-૪-૨૦૦૫ પછી રાજ્ય રાજ્ય સરકારમાં નિમણૂંક પામેલ હોય તથા અગાઉ તા. ૧-૪-૨૦૦૫ પહેલા રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર હેઠળ સેવા બજાવેલ હોય તેવા કર્મચારીઓની સેવા સળંગ ગણી જૂની જી.પી.એફ. યોજનાનો લાભ આપવાનું ઉપરના સંદર્ભ દર્શિત ઠરાવ (૪) તથા (૫) થી ઠરાવેલ છે. સંદર્ભ દર્શિત ઠરાવ (૬) થી NPS હેઠળ એક સેવામાંથી બીજી સેવામાં જતા કર્મચારીઓ માટે એક જ PRAN નંબર ચાલુ રાખવાનું ઠરાવવામાં આવેલ છે. પરંતુ જે કર્મચારી/ અધિકારી તા. ૦૧-૦૪-૨૦૦૫ બાદ NPS હેઠળ નિમણૂંક પામી NPS હેઠળની જ બીજી સેવામાં જોડાય ત્યારે માત્ર રજાના હેતુથી સેવા સળંગ ગણવાની થાય ત્યારબાદ રજાનું રોકડમાં રૂપાંતર મળવા બાબતે સ્પષ્ટતા થયેલ ન હતી.

વંચાણે લીધેલ ક્રમાંક - (૧) ભારત સરકારના તા. ૨૧-૪-૨૦૦૪ના ઓફિસ મેમોરેન્ડમના મુદ્દા - (૧) થી અપાયેલ સ્પષ્ટતા મુજબ, રાજ્ય સરકારમાં તા. ૧-૪-૨૦૦૫ પછી નિમણૂંક પામેલ કર્મચારી / અધિકારીઓ, જેઓને નવી વર્ધિત પેન્શન યોજના (NPS) લાગુ પડે છે તેમને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમો મુજબ જ તેઓને નિવૃત્તિ / અવસાન સમયે જમા રજાનું રોકડમાં રૂપાંતર નિયમોનુસાર મળવાપાત્ર થશે તેમજ તા. ૧-૪-૨૦૦૫ પછી રાજ્ય સરકારમાં નિમણૂંક પામેલ કર્મચારી/ અધિકારીઓ કે જેઓ રાજ્ય / કેન્દ્ર સરકારની બીજી નોકરીમાં જોડાય અથવા કેન્દ્ર સરકારની એન.પી.એસ. યોજના હેઠળ નિમણૂંક પામેલ કર્મચારી/અધિકારી જો રાજ્ય સરકારની સેવામાં જોડાય તો તેઓની ઉક્ત બંને સેવા માત્ર રજાના હેતુ માટે સળંગ ગણી તેને પણ નિવૃત્તિ/અવસાન સમયે રજાનું રોકડમાં રૂપાંતર નિયમાનુસાર મળવાપાત્ર થશે તેવું ઠરાવવામાં આવે છે. આ રીતે સેવા સળંગ ગણવા માટે નાણા વિભાગના વખતો-વખતના ઠરાવની અન્ય શરતો યથાવત્ રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક - (૬) અને (૭) સામેના ઠરાવ મુજબ આ યોજનાનો લાભ બોર્ડ/નિગમ/ કોર્પોરેશનના કર્મચારીઓ કે જેઓ રાજ્ય સરકારની સેવામાંથી બોર્ડ / કોર્પોરેશનમાં કે બોર્ડ/ કોર્પોરેશનમાંથી રાજ્ય સરકારની સેવામાં જોડાશે તેઓને મળવાપાત્ર થશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(કે. ડી. સુથાર)**
**નાયબ સચિવ (પેન્શન અને તિજોરીઓ)**
**નાણા વિભાગ**

•

# Notification

**Finance Department**
**Sachivalaya, Gandhinagar**
**Dated : 13th November, 2014**

**CONSTITUTION OF INDIA**

No.(GN-23) No.PSN-102014-M (334385) P: in Exercise of the powers confomed by the provise to the article 309 of the Constitution of India, the Governor of Gujrat hereby maker the following rules further amend the Gujrat Civil Servieces (Leave) Rules, 2002, namely :-

1. There rules may be called the Gujrat Civil Services (Leave) (Second Amendment) Rules, 2014.
2. In the Gujrat Civil Services (Leave) Rules, 2002, in rules 69, in sub rule (1) :-

(i) for the words “one hundred and thirty five days” shall be substituted.

(ii) to sub-rule (1). the following proviso shall be added namely :-

“Provided that the provisions of sub-rule (1) above shall also be applicable in cases of those female employeed who have been on matermity leave as on 1st October, 2014 or thereafter, but they shall not be entitled to such leave for more than one hundred and eighty days in aggregate.”

By Order and in the name of the Governor of Gujrat,

**K.D.Suthar**
**Deputy Secretary to Goverment**

•

## મહામંડળના અધિવેશનનો પરિપત્ર

**તાત્કાલિક/સમય મર્યાદા**

**ક્રમાંક : ઉમબ/ઉમા.૨/અધિવેશન/૨૦૧૪/૯૮૫૮-૯૩.**

**કમિશનર, શાળાઓની કચેરી,**
**બ્લોક નં. ૯/૧, ડૉ. જી. મ. ભવન,**
**ગુ. રા. ગાંધીનગર.**
**તા. ૧-૧૨-૨૦૧૪**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

**વિષય : ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના અધિવેશન બાબત**

**સંસદ : પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનો તા. ૨૪-૧૧-૧૪ નો પત્ર**

ઉપરોક્ત વિષય અનુસંધાનમાં જણાવવાનું કે, ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની રાજ્ય કારોબારીમાં ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનું બે દિવસનું અધિવેશન યોજવાનું નક્કી કરવામાં આવેલ છે અને તે અંગેની જરૂરી મંજુરી સંદર્ભિત પત્રથી માંગવામાં આવેલ છે જે આથી ગ્રાહ્ય રાખી બે દિવસનું અધિવેશન ગુજરાત રાજ્યની અંદર યોજવાની આથી પરવાનગી આપવામાં આવે છે.

સરકારીશ્રીના શિક્ષણ વિભાગના તા. ૨-૭-૯૯ના ઠરાવના પરિશિષ્ટ-૨ ની આઈટમ નં. ૩૫ અનુસાર સેમિનાર/પરિષદ અન્વયેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે **જેના આધારે પરિષદ માટેની રૂા. ૫૦૦/- અંકે રૂપિયા પાંચસો પુરા તથા અધિવેશનમાં હાજરી આપતા શિક્ષકોના પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થાનો ખર્ચ નિયાનુસાર મળવાપાત્ર થશે.**

ઉક્ત ખર્ચ શાળાને મળવાપાત્ર ઈત્તર ખર્ચની જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવા માટે નિયમાનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંઘના અધિવેશન માટેનું સ્થળ અને તારીખ સંઘની અનુકૂળતા પ્રમાણે નક્કી કરવાનું રહેશે. આ અધિવેશન બે દિવસ (૦૨)નું રહેશે. અધિવેશન ખરેખર જે તારીખે યોજાય તેની જાણ આ કચેરીને સમયસર કરવાની રહેશે.

માનનીય આયુક્તશ્રીના શાખા નોંધ પરના આદેશ અનુસાર

**સંયુક્ત શિક્ષણ નિયામક**
**૧૦+૨, ખાસ ઘટક**
**ગુ. રા. ગાંધીનગર**

•

## પટાવાળાની ભરતીનો પરિપત્ર

**ક્રમાંક : ઉમબ/ઉમા.૮-૯/વર્ગ-૪ ભરતી/૨૦૧૪/૮૮૫૭-૯૨**

**કમિશનર, શાળાઓની કચેરી,**
**બ્લોક નં. ૯/૧, ડૉ. જી. મ. ભવન,**
**ગુ.રા. ગાંધીનગર.**
**તા. ૫-૧૧-૨૦૧૪**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

**વિષય : એક પણ વર્ગ-૪ પટાવાળા નથી તેવી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં વર્ગ-૪ પટાવાળાની આઉટ સોસીંગથી ભરતી કરવા અંગે**

**સંદર્ભ :**

**૧. શિ.વિ. ના તા. ૨૬-૧૦-૨૦૦૯ના ઠરાવ નં. બમશ/૧૧/૨૦૦૯/૩૦૬૬૭૧/ગ**

**૨. સા.વ.વિ.ના ૧-૪-૧૦ ઠરાવ નં. મકમ/૨૦૦૪/૨૫૩૯/(૧)/ખ.૩**

**૩. શિ.વિ. ના તા. ૧-૮-૨૦૧૧ ના ઠરાવ નં. બમશ/૧૧૦૯/ઓડી/૦૮/ગ**

ઉપરોક્ત વિષય અને સંદર્ભના અનુસંધાનમાં સવિનય જણાવવાનું કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગના

તા. ૨૬-૧૦-૨૦૦૯ ના ઠરાવ નં. બમશ/૧૧/૨૦૦૯/ ૩૬૦૦૭૧/ગ થી રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ-૪ પટાવાળાની જગ્યાનું સેટ અપ નક્કી કરવામાં આવેલ છે.

સરકારશ્રીના શિ.વિ. ના તા. ૧-૮-૨૦૧૧ ના ઠરાવ નં. બમશ/૧૧૦૯/ઓડી/૦૮/ગ થી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ-૪ ની જગ્યાઓ અંગેની કામગીરી આઉટ સોર્સીંગથી લેવાની સરકારશ્રીની નીતિ નક્કી થયેલ છે તેમ જણાવવામાં આવેલ છે.

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્યાં એકપણ વર્ગ-૪ પટાવાળા ન હોય તેવી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ-૪ પટાવાળાની ભરતી કરવા માટે એન.ઓ.સી. આપવાની અને આ જગ્યા ઉપર સરકારશ્રીના તા. ૧-૮-૨૦૧૧ના ઠરાવની જોગવાઈ અનુસાર આઉટ સોર્સીંગથી ભરતી કરવા નીચે મુજબની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

૧. સરકારશ્રીના પ્રવર્તમાન અને વખતોવખતના અને સ્થાયી સુચનાઓ પ્રમાણે તથા શિક્ષણ વિભાગના તારીખ ૨૬-૧૦-૨૦૦૯ના ઠરાવ નં. બમશ/૧૧/૨૦૦૯/૩૬૦૦૭૧/ગ તથા તા. ૧-૮-૨૦૧૧ના ઠરાવની જોગવાઈ અનુસાર વર્ગ-૪ પટાવાળાની ભરતી કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

૨. જે શાળામાં એકપણ વર્ગ-૪ પટાવાળા નથી તેવી જ શાળાઓમાં જ વર્ગ-૪ પટાવાળાની ભરતી કરવાની છે. જેથી આપની કક્ષોથી પૂરતી ચકાસણી કરીને જ વર્ગ-૪ પટાવાળાની ભરતી કરવાની કાર્યવાહી કરવી.

૩. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૪-૧૦ ઠરાવ નં. મકમ/૨૦૦૪/૨૫૩૯/(૧)//ખ. ની બોલીઓ અને શરતો પ્રમાણે વર્ગ-૪ પટાવાળાની જગ્યા ઉપર આઉટ સોર્સીંગથી ભરતી કરવાની રહેશે.

માનનીય આયુક્તશ્રીના શાખા નોંધ પરના આદેશ અનુસાર

**સંયુક્ત શિક્ષણ નિયામક**
**૧૦+૨, ખાસ ઘટક, ગુ.રા. ગાંધીનગર**

•

## પ્રેકટીકલ પરીક્ષા અંગે પરિપત્ર

**ક્રમાંક : મઉમશબ/ક/પ્રાયોગીક પરીક્ષા/૨૦૧૪/ ૫૬૩-૬૦૨**

**ગુજરાત માધ્યમિક અને**
**ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,**
**ગાંધીનગર.**
**તા. ૨૬-૧૧-૨૦૧૪**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ, ગુજરાત રાજ્ય,

**વિષય : વિજ્ઞાનપ્રવાહ ધરાવતી ઉ.મા. શાળાઓમાં પ્રાયોગીક કાર્યના મોનીટરીંગ બાબત**

ઉપરોક્ત વિષય સવિનય જણાવવાનું કે રાજ્યની વિજ્ઞાનપ્રવાહ ધરાવતી ઘણી શાળાઓમાં વિદ્યાર્થીઓનું પ્રાયોગીક કાર્ય તેમજ તેનું પરીક્ષણ કાર્ય વ્યવસ્થિત ન થતું હોવાની રજૂઆતો બોર્ડને અવારનવાર મળતી રહે છે. જેમાં મુખ્યત્વે શાળા પાસે લેબોરેટરી ન હોવી, લેબોરેટરીની સુવિધા અપુરતી હોવી, પ્રાયોગીક કાર્ય ન કરવાનું કે અધુરો કોર્ષ કરાવવો, પરીક્ષા લીધા વગર માર્કસ મુકવા અને પક્ષપાત પૂર્વક વધુ કે ઓછા ગુણ મુકવાની ફરિયાદો સામેલ હોય છે.

વિદ્યાર્થીઓના કૌશલ્ય વર્ધન તેમજ વિકાસમાં પ્રાયોગિક કાર્યનું ઘણું મહત્ત્વ છે. તેનું અવમૂલ્યન અટકાવવા આપના જિલ્લાની વિજ્ઞાન પ્રવાહ ધરાવતી તમામ શાળાઓને નીચે મુજબની સુચનાઓ અપાઈ જાય

તેમજ તેના અમલીકરણ માટેની વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે.

૧. વિજ્ઞાન પ્રવાહ ધરાવતી દરેક શાળાઓએ પોતાના વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા બોર્ડે નિયત કરેલા સમયમાં તા. ૨૩-૦૨-૨૦૧૫ થી તા. ૨૮-૦૨-૨૦૧૫ દરમ્યાન જ લેવી. આ સમયમાં બોર્ડના અધિકારીઓ ડી.ઈ.ઓ.શ્રી કે તેમના અધિકારીઓ આકસ્મિક ચકાસણી કરશે. વહેલા કે મોડા પરીક્ષાનું આયોજન કરનાર સામે બોર્ડ પગલા લેશે.

૨. વિજ્ઞાન પ્રવાહ ધરાવતી દરેક શાળામાં લેબોરેટરીની સુવિધા જેવી કે જગ્યા, સાધનો, સલામતી વ્યવસ્થા વગેરે છે કે કેમ ? તેની ચકાસણી નિરીક્ષણ દરમિયાન તેમજ આકસ્મિક કરવી. આપના જિલ્લાની તમામ શાળાઓની લેબોરેટરી સુવિધા અંગે તેમજ વિદ્યાર્થીઓને નિયમાનુસાર સમયપત્રક અને સીલેબસ મુજબ પ્રાયોગિક કાર્ય કરાવવામાં આવે છે તે અંગેનો અહેવાલ બોર્ડને તા. ૨૦-૧-૨૦૧૫ સુધીમાં મોકલી આપવો.

૩. દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને વિનંતી કે વિજ્ઞાન પ્રવાહની શાળાઓ જ્યાં પ્રાયોગિક પરીક્ષા અને લેબોરેટરી સુવિધાઓમાં જ્યાં જ્યાં કચાશ કે અધૂરાશ જણાય ત્યાં તેની વિગતો સાથે બોર્ડની રીપોર્ટ કરવો. આગામી બોર્ડની પ્રાયોગિક પરીક્ષા નિયત સમયમર્યાદામાં લેવાય, તેનું રેકર્ડ બરાબર જળવાય અને અમુક શાળાઓમાં જ્યાં બોર્ડને ડી.ઈ.ઓ.શ્રીને જરૂરી જણાય ત્યાં પ્રાયોગિક પરીક્ષાની આકસ્મિક ચકાસણી ગોઠવવા વિનંતી છે. આ કાર્ય માટે આપ ડાયરના પ્રાચાર્યશ્રી અને પ્રાધ્યાપકોની મદદ લઈ શકશો.

ઉપરોક્ત સૂચનાઓનો અમલ વિજ્ઞાન પ્રવાહ ધરાવતી દરેક શાળાઓમાં થાય તે બાબત પરત્વે ખાસ ધ્યાન આપવા જણાવવામાં આવે છે.

**(આર. આર. વરસાણી)**
**અધ્યક્ષ, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ.**

## રાજ્ય ઉચ્ચતર મહામંડળના અધિવેશનમાં ઉમટી પડો.

શિક્ષક મિત્રો,

રાજય કારોબારીમાં મહામંડળનું અધિવેશન અમદાવાદ - અંબાજી - ગાંધીનગર કે અનુકુળ સ્થળે, અનુકળ સમયે યોજવાનું નક્કી કરેલ છે. જેમાં જંગી સંખ્યામાં આપ સૌ ઉમટી પડો.

- કાયમી રક્ષણ અંગે.
- એન્ટ્રી લેવલ પે - સ્કેલ અંગે
- ઉદ્યોગ શિક્ષકના પગાર અંગે
- ગ્રંથપાલના પગાર અંગે
- ૩૧ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગે
- પતીપત્ની ના કિસ્સામાં પ્રાથમિક શિક્ષકની બદલીમાં ગ્રાન્ટેડ શાળાના શિક્ષકનો સમાવેશ કરવા અંગે
- લઘુ લાયકાતવાળા વ્યવસાયલક્ષી તેમજ સામાન્ય પ્રવાહના શિક્ષકોના ઉચ્ચતર પગાર અંગે

તથા અન્ય પ્રશ્નોના ઉકેલ માટે આપ સૌ જંગી સંખ્યામાં ઉમટી પડી સંગઠનની એકતા - તાકાત બાતવો તેવી વિનંતી.

સાભાર

વિનોદભાઈ જે. પટેલ — મહામંત્રી
પંકજભાઈ કે. પટેલ — પ્રમુખ

ગુજરાત રાજ્ય ઉ.મા. શિક્ષક સંઘ, મહામંડળ









Effective Implementation of the RTE Act-2009 નો વર્કશોપ ઓલ ઈન્ડિયા ટીચર ફેડરેશન ઓફ ઓર્ગેનાઈઝેશનના ઉપક્રમે જયપુર ખાતે તા. ૨૦-૨૧-૨૨/નવેમ્બર ૨૦૧૪ના રોજ 'રોઝ પબ્લિક સ્કૂલ', જયપુર ખાતે યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ **મહામંડળના પ્રમુખશ્રી પંકજભાઈ કે. પટેલ, મહામંત્રીશ્રી વિનોદભાઈ પટેલ, મહિલા પ્રતિનિધિ શ્રીમતી ઉર્વશી પટેલ,** ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ તરફથી પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી. જેમાં રાજસ્થાન સરકારના **શિક્ષણમંત્રીશ્રી વાસુદેવ દેવનાણી**નું ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના **પ્રમુખશ્રી પંકજભાઈ કે. પટેલે સન્માન/સ્વાગત કર્યું હતું.** તદ્‌પરાંત મહામંડળના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રીએ Effective Implementation of the RET Act-2009 અંતર્ગત પ્રેઝેન્ટેશન રજુ કર્યું હતું. તેના ઝડપી અમલ માટે ૧૦૦% ભરતી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ બાદ જાહેર પરીક્ષા દ્વારા મૂલ્યાંકન, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની મુશ્કેલીઓ, પ્રશ્નો દૂર કરવા રક્ષણ અંગે, વિગેરે સૂચનો કર્યા હતા. ટીચર ફેડરેશનના **મહામંત્રીશ્રી ધર્મવિજય પંડિત** દ્વારા કેન્દ્ર સરકારને મોકલી આપવા અને છઠ્ઠા પગારપંચનો ઝડપથી અમલ પૂર્ણ કર્યા બાદ સાતમા પગારપંચનો અમલ કરવો તેવી કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને ભલામણ કરવી.

# RTE-2009 નો દરેક શિક્ષક મિત્ર અભ્યાસ કરે

# The Gazette of India

**MINISTRY OF LAW AND JUSTICE**

(Legislative Department)

New Delhi, the 27 tli August, 2009/Bhadar 5,1931 (Saka)

The following Act of Parliament received the assent of the President .on the 26th August, 2(X)9 and is hereby published for general information :-

**THE RIGHT OF CHILDREN TO FREE AND COMPULSORY EDUCATION ACT, 2009**

No. 35 of 2009

(26th August, 2009)

An Act 10 provide for free and compulsory education to all children of the age of six to fourteen years.

Be it enacted by Parliament in the Sixtieth Years of the Republic of India follows :

**CHAPTER I**

**PRELIMINARY**

1. Short title, extent and commercement
   (1) This Act may be called the Right of Children of Free and Compulsory Education Act, 2009 commence-
   (2) It shall extend to the whole of India except the State of Jammu and Kashmir.
   (3) It shall come into force on such date as the Central Government my by notification in the official Gazette, appoint.
2. Definitions
   In This Act, unless the context otherwise requires
   (a) "apporprjate Government" means -
   (i) In relattion to a school established, owned or controlled by the Central Government, of the administrator of the Union territory, having no legislature, the Central Government. (ii) In relation to a school, other than the school referred to in subclause (ii). established within the territory of -
   (A) a state, the Slate Government;
   (B) a Union tettitory having legislature, the Government of that Union territory;
   (b) "capitation free" means any kind of donation or contribution or payment other than the fee notified by the school;
   (c) "child" means a male or female child of the age of six to fourteen years;
   (d) "child belonging to disadvantaged group" means a child belonging to the Scheduled Caste, the Scheduled Trible. the socially and educationally backward class or such other group having disadvantage owing to social, cultural, economical geographical, linguistic, gender or such other factor, as may be specified by the appropriate Government, by notification.
   (e) "child belonging to weaker section" means child belonging to such parent or guardian whose annual income is lower than the minimum limit specified by the apporpriate Government, by notification;

(f) "elementary education" means the eduction from first class to eighth class;

(g) "guardian", in relation to a child, means a person having the care and custody ol that child and includes a natural guardian or gardian appointed or declared by a court or a statute,

(h) "local authority" means a Municipal Corporation or Municipal Councilor Zila Parishad or Nagar Panchyat or Panchayat, by whatever name called, and includes such other authority or body having administrative countrol over the school or empowered by or under any law for the time being in force to function as a local authority in any city, town, or village;

(i) "National Commission for Portection of Child Rights" means the national Commission for Protection of Child Rights constituted under section 3 of the Commission for Protection of Child Rights Act, 2005;

(j) "notification" means a notification published in the Official 4of 2006 Gazette;

(k) "parent" means either the natural or step or adoptive father or mother of a child;

(1) "prescribed" means prescribed by rules made under this Act.

(m) "Schedule" means the schedule annexed to this Act;

(n) "school" means any recognised school imparting elementary education and includes;
(ii) a school established, owned or controlled by the apporpriate Government or a local au thority;
(iii) a school belonging to specified category and (iv) an unaided school not receiving any kind of aid or grants to meet its expenses from the appropriate Government or the local authority;

(o) "screening procedure" means the method of selection for admission of a child, in preference over another, other than a random method.

(p) "specified category", in relation to a school, means a school known as Kendriya Vidyalaya, Navodaya Vidyalaya, Sainik School or any other school having a distinct character which may be specified, by notification, by the appropriate Government;

(q) "State Commission tor Protection of Child Right" means the State Commission tor Protection of Child Right constituted under section 3 of the Commissions for Protection of Child

## CHAPTER II
## RIGHT TO FREE AND COMPULSORY EDUCATION

3. Right of child to free and compulsory

(1) Every child of the age of six to fourteen years shall have a right to free and comulsory education in a neighbourhood school till complection of elementary education.

(2) For the purpose of sub-section (1), no child shall be liable to compulsory pay any kind of fee or charges or expenses which may prevent him or her from pursuing and completing the elementary education;

Provided that a child suffering from disability, as defined in clause (i) of section 2 of the Persons with Disabilities (Equal Opportunities, Protection and Full Participation) Act. 1996, i of 1996. shall have the right to pursue free and compulsory elementary eudcation in accordance with the provision of Chapter V of the said Act.

4. Special Provisions for children not admitied to, or who have not completed, elementary education. Where a child above six years of age has not been admitted in any school or though admitted, could not complete his or her elementary education, then, he or she shall be admitted in a class apporopriate to his or her age;

બાકી આવતા અંકમાં...